પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૦૦ | ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૫, બુધવાર ; ભાદરવા વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

**તાપમાન**
મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૫૬ ટકા

## ફટાફટ ન્યુઝ

- પોલીસી સમીક્ષા વચ્ચે સેન્સેક્સમાં ૧૬૨ પોઈન્ટનો નોંધાયેલ સુધારો
- મૂડીરોકાણ અને વિકાસને રેટમાં ઘટાડાથી પ્રોત્સાહન
- હવે એર એશિયામાં ૧૨૯૦ રૂપિયામાં જ વિમાની ટિકિટ
- મુંબઈ સેન્ટ્રલ : ગુગલ વાઈ ફાઈની સુવિધા ઉભી કરાશે
- એસ્સાર રૂઈયા ટુજીમાં ટ્રાયલનો સામનો કરશે
- ભારતીની કસ્ટોડિયલ પુછપરછ માટે અરજી મંજુર કરાઈ
- દિલ્હી-રાજસ્થાનમાં હુમલા કરવાની આઈએસની તૈયારી - સેન્ટ્રલ ઈન્ટેલીજન્સ સંસ્થાની ચેતવણી
- ઉત્તરાખંડ ખાતે ૪.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો
- આંતરરાષ્ટ્રીય સરહદ પર દિવાલના અહેવાલો ખોટા
- નરેન્દ્ર મોદીએ અમેરિકાની ઐતિહાસિક યાત્રા પૂર્ણ કરી

# રેપો રેટમાં ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો



મુંબઈ,તા. ૨૯

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આજે ભારે અપેક્ષા વચ્ચે તેની ચોથી દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરી હતી. જેમાં રીઝર્વ બેંકના ગવર્નર રઘુરામ રાજને અપેક્ષા કરતા પણ વધારે ૫૦ બેઝિક પોઈન્ટનો ચાવીરૂપ રેપો રેટમાં ઘટાડો કરીને તમામને ચોંકાવી દીધા હતા. રેપો રેટમાં ઘટાડો થતા હવે તમામ લોન વધારે સસ્તી થશે. કાર અને હોમ લોન મેળવી લેવા ઈચ્છુક તમામ લોકોને તહેવારમાં મોટી રાહત મળી ગઈ છે. આજે પોલીસી સમીક્ષા જારી કરતા રાજને રેપો રેટમાં ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. આની સાથે જ રેપો રેટ ઘટીને હવે ૬.૭૫ ટકા થઈ ગયો છે. રેપોરેટ હવે સાડા ચાર વર્ષની નીચી સપાટીએ પહોંચી ગયો છે. રિવર્સ રેપોરેટ હવે ૫.૭૫ ટકા, એમએસએફ ૭.૭૫ ટકા, બેંકરેટ ૭.૭૫ ટકા થયો છે. નાણાકીય નીતિ સમીક્ષા નિવેદન જારી કરતાં રાજને કહ્યું હતું કે, અમારી છેલ્લી પોલીસી સમીક્ષા બાદથી સ્થિતિમાં સુધારો થયો છે. જાન્યુઆરી ૨૦૧૬ માટે ૬ ટકાના ફુગાવાના ટાર્ગેટને હાંસલ કરી શકાશે. વિકાસને પ્રોત્સાહન આપવા માટે

● અનુસંધાન પાન-૭ પર

**રેપોરેટ ઘટાડીને ૬.૭૫ ટકા કરાયો : રેપોરેટ ૪ વર્ષની નીચી સપાટીએ : રિવર્સ રેપોરેટ ૫.૭૫ ટકા અને સીઆરઆર ૪ ટકા : નાણાં મંત્રાલય તેમજ ઈન્ડસ્ટ્રી તરફથી દબાણ બાદ રેપોરેટમાં પોલીસી સમીક્ષામાં નોંધપાત્ર ઘટાડો**

# હવે રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જાન્યુઆરીમાં યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નવેમ્બરમાં નહિ હવે જાન્યુઆરીમાં યોજાશે તેવા સંકેતો રાજ્ય સરકારના અત્યંત નિકટવર્તી વર્તુળોમાંથી મળી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ હવે એક જ તબક્કે યોજવાની શક્યતાઓ ચકાસવાની કામગીરી સરકારી તંત્રએ હાથ ધરી છે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે જાન્યુઆરીમાં ૩૩ જિલ્લા પંચાયતો અને ૨૨૫થી વધુ તાલુકા પંચાયતો તેમજ ૧૦૦ નગરપાલિકા અને ૭ મહાનગરપાલિકાઓમાં એક સાથે ચૂંટણી યોજવા માટેનું મન બનાવી લીધુ છે.

નવેમ્બર માસની ૧૦મીએ જિલ્લા તાલુકા પંચાયતોમાં વહીવટદારોની નિમણુંક કરવી કે વર્તમાન બોડીને ચાલુ રાખવી તે અંગેનો નિર્ણય હવે પછી કરવામાં આવશે.

રાજ્યમાં જે રીતે પાટીદાર અનામત આંદોલન વિસ્તરી રહ્યું છે અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ, દિપાવલીના અને નવરાત્રીના પર્વોને ધ્યાને રાખી સરકારે હાલ તુરત ચૂંટણીઓ મુલ્તવી રાખવાનો લગભગ નિર્ણય લઈ લીધો છે. તેમજ આ અંગેના સંકેતો પણ નિકટવર્તી વર્તુળોમાં આપી દીધા છે.

બીજી તરફ તંત્ર પણ હવે આ ચૂંટણીઓ મુલ્તવી રહેશે તેને ધ્યાને રાખી વિકાસના કામો પર વધુ ધ્યાન કેન્દ્રીત કરે તે માટેની સૂચનાઓ આપી દેવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે.

મહાનગરપાલિકાની ચૂંટણીઓ માટે સુપ્રિમ કોર્ટે ૨૪ નવેમ્બર સુધી મનાઈ હુકમ આપેલ છે. સરકાર આ વખતે તેનો જવાબ રજુ કરવાની તૈયારીમાં વ્યસ્ત બની છે.

**રાજ્યમાં યોજાનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જાન્યુઆરીમાં યોજવા સરકારે મન બનાવી લીધું**

# હોમ, ઓટો, કોર્પોરેટ સહિત તમામ લોન સસ્તી

**એસબીઆઈના બેઝ રેટમાં ઘટાડો : અન્ય બેંકો સજ્જ આઈસીઆઈસીઆઈ બેંક દ્વારા પણ ઘટાડા માટે સંકેત**

મુંબઈ, તા. ૨૯

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રેટમાં કાપ મુકવામાં આવ્યાના કલાકોની અંદર જ દેશની સૌથી મોટી ધિરાણ આપતી બેંક એસબીઆઈએ તેના ધિરાણ દરમાં ૦.૪૦ ટકાનો ઘટાડો કરી દીધો હતો. આવી જ રીતે દેશની સૌથી મોટી ખાનગી સેક્ટરની બેંક આઈસીઆઈસીઆઈનીબેંકે તેના બેઈઝ રેટમાં ઓછામાં ઓછા ૦.૨૫ ટકાનો ઘટાડો કરવાની જાહેરાત કરી હતી. સ્પષ્ટપણે વ્યાજદર ઘટશે. બેઈઝ રેટ પણ ઘટશે. લોકોને આનો સીધો લાભ મળશે.

એસબીઆઈ બેઈઝ રેટમાં ઘટાડાની સાથે જ હોમ લોન, ઓટો લોન, કોર્પોરેટ સહિતની તમામ લોન ઓછામાં ઓછા ૦.૪૦ ટકા સુધી સસ્તી થશે. આઈસીઆઈસીઆઈ બેંકના મેનેજિંગ ડિરેક્ટર અને મુખ્ય કારોબારી ચંદા કૌચરે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, આરબીઆઈ દ્વારા લેવાયેલા પગલાની સીધી અસર થશે. પોલીસી સમીક્ષા બાદ આયોજિત બેઠકમાં એસબીઆઈના ચેરમેન ઉપસ્થિત રહ્યા નહતા. બેંકિંગ ઈન્ડસ્ટ્રી દ્વારા હાલમાં લોબી ચલાવવામાં આવી હતી. એસબીઆઈના ચેરમેને કહ્યું હતું કે, રેટમાં કાપ બાદ ડિપોઝીટ રેટમાં પણ ૦.૨૫ ટકાનો ઘટાડો કરાશે.

## રેપોરેટમાં કાપના પગલે ઓટો મોબાઈલ ઉદ્યોગમાં ખુશીનું મોજું

નવી દિલ્હી,તા. ૨૯

આરબીઆઈ દ્વારા રેપોરેટમાં ઉલ્લેખનીય રીતે ઘટાડો કરી દેવામાં આવ્યા બાદ ઓટો મોબાઈલ મેન્યુફેક્ચર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું છે. ઓટો મોબાઈલ કંપનીઓએ કહ્યું છે કે, તેમના માટે આ પગલું તહેવારની ગિફ્ટ તરીકે છે. આનાથી મુશ્કેલ સ્થિતિનો સામનો કરી રહેલા ઓટો મોબાઈલ મેન્યુફેક્ચરીંગે સેક્ટરને આગામી તહેવારની સીઝન દરમિયાન ૧૫થી ૨૦ ટકા સુધીના વેચાણ વધારાના ટાર્ગેટને પહોંચી વળવા મદદ મળશે. હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયાના સીનિયર વાઈઝ પ્રેસીડેન્ટ રાકેશ શ્રીવાસ્તવે માહિતી આપતા કહ્યું છે કે આ તહેવારની મોટી ભેંટ તરીકે છે.

# હાર્દિક પટેલની અરજી પર આઠમીએ વધુ સુનાવણી

**સઘન સુરક્ષા વચ્ચે હાર્દિક વકિલ સાથે પહોંચ્યો : હાઈકોર્ટમાં હાર્દિક દ્વારા ૫૦થી વધુ પાનાની એફિડેવીટ રજુ કરાઈ : કોર્ટમાં ગાંધીનગર રેન્જના આઈજી ઉપસ્થિત**

અમદાવાદ, તા.૨૯

પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલના સંદર્ભમાં દાખલ કરવામાં આવેલી હેબિયસ કોર્પસ અરજી પર સુનાવણી આજે ગુજરાત હાઈકોર્ટમાં ૮મી ઓક્ટોબરના દિવસે હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો. હાર્દિક પટેલ આજે તેના વકિલ બાબુ મંગુકીયાની સાથે કોર્ટમાં ઉપસ્થિત રહ્યો હતો. બાબુ મંગુકીયા કોંગ્રેસ પાર્ટીના લીગલ સેલના વડા પણ છે. હાર્દિક પટેલને ગુજરાત હાઈકોર્ટમાં રજુ કરવામાં આવ્યો ત્યારે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. સાવચેતીના તમામ પગલા લેવાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં જ અનામત આંદોલન દરમિયાન ગુજરાતના જુદા-જુદા ભાગોમાં હિંસા ભડકી ઉઠી હતી. જેમાં અમદાવાદનો પણ સમાવેશ થાય છે. હાર્દિક પટેલે કોર્ટ સમક્ષ ૫૦ પાનાથી વધુની વિસ્તૃત એફીડેવીટ રજુ કરી હતી. હાઈકોર્ટે અપહરણના આક્ષેપોનો ખુલાસો કરવાના સંદર્ભમાં ટૂંકી એફીડેવીટ રજુ કરવા હાર્દિકના વકીલને સુચના આપી હતી. એડવોકેટ જનરલે કોર્ટમાં કહ્યું હતું કે, અપહરણના આક્ષેપો ગુજરાત પોલીસના નૈતિક જુસ્સાને તોડી પાડવાના પ્રયાસરૂપે કરાયા છે. ગુજરાત હાઈકોર્ટે હાર્દિક અને તેના વકિલની જોરદાર ઝાટકણી કાઢી હતી અને આ રીટ પાછી ખેંચી લેવા કહ્યું હતું. ત્યારબાદ હાર્દિકના વકિલે કહ્યું હતું કે, તેઓ આક્ષેપો પાછા ખેંચવા તૈયાર છે. હાર્દિકે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ગુજરાતમાં શાંતિ સંપૂર્ણપણે રહે તેની ખાતરી

● અનુસંધાન પાન-૭ પર



Starting from 1st October

Zaika
ADD SPICE TO LIFE

FROM SOUP TO DESSERT AND EVERYTHING IN BETWEEN

BUFFET PACKAGES
Weekdays : Lunch @ 180/-* & Dinner @ 200/-*
Saturday : Lunch @ 200/-* & Dinner @ 250/-*
Sunday Brunch : Lunch @ 225/-* & Dinner @ 250/-*

Info City Club & Resort
Zaika
@ Infocity Club & Resort, Indroda Circle, SG Highway, Gandhinagar.
Contact : +91 99099 06372 | +91 98257 93857
www.infocityclub.net

PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ
9898935008
9737124032
ઓફિસ નંબર
9904483888
atria
"The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર

ગુજરાત સરકારને લાખ લાખ અભિનંદન



માન. શ્રી આર. સી. ફળદુ
અધ્યક્ષ, ગુજરાત રાજ્ય ભાજપ



માન. મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ
ચેરમેન, મંત્રી મંડળ પેટા સમિતિ અને આરોગ્ય મંત્રી



પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનો
બિનઅનામત (સવર્ણો) માટે ઐતિહાસિક વિશેષ પેકેજ
જાહેર કરવા બદલ ખૂબ ખૂબ આભાર....
'સૌનો સાથ, સૌનો વિકાસ' ગતિશીલ ગુજરાત

હરેશભાઈ રતીલાલ પટેલ (કુડાસણ)
ગીરીશભાઈ અમૃતભાઈ પટેલ (આજોલ)
જયેશભાઈ અંબાલાલ પટેલ
ડેપ્યુટી સરપંચ, અડાલજ
વાસુદેવભાઈ પટેલ (દેલવાડ)
પ્રમુખશ્રી ન્યુ ગુડા એસોસીએશન

રાજેન્દ્રભાઈ પ્રહલાદભાઈ પટેલ (કુડાસણ)
સદસ્યશ્રી તાલુકા પંચાયત
નિતેષભાઈ બી. પટેલ
મહામંત્રી, યુવા મોરચો,
ડાયરેક્ટર - નહેરૂ યુવા કેન્દ્ર
મણીભાઈ એ. પટેલ
પૂર્વ સદસ્ય, તાલુકા પંચાયત